## કાપણી પછી તરત જ ટેકાના ભાવે ચણા વેચવાનો નિર્ણય ખેડૂતભાઈઓ લઈ શકે છે

દુનિયામાં ચણાનું ઉત્પાદન સૌથી વધારે ભારતમાં થાય છે, ત્યાર પછીના ક્રમે પાકિસ્તાન, તુર્કી, મેક્સિકો, કેનેડા અને ઓસ્ટ્રેલીયા આવે છે. હાલ વૈશ્વિક સ્તરે ચણાનું વાવેતર ૧૭૮ લાખ હેક્ટર જેટલું છે અને ઉત્પાદન આશરે ૧૭૨ લાખ ટન જેટલું થાય છે. દુનિયામાં કુલ કઠોળપાકોના ઉત્પાદનમાં ભારત ૪૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. છેલ્લા દાયકામાં ભારતમાં ચણાના વાવેતર વિસ્તારમાં સતત વધારો થયેલ છે. સને ૨૦૧૦-૧૧ માં ચણાનું વાવેતર ૯૧.૮૬ લાખ હેક્ટરમાં થયેલ, જે વધીને ૨૦૧૯-૨૦માં ૧૦૭ લાખ હેક્ટર થયેલ છે. જો કે, પ્રતિકુળ હવામાન, વરસાદની અનિયમિતતા અને રોગના ઉપદ્રવ વગેરેને કારણે દેશમાં ચણાના ઉત્પાદનમાં વધ-ઘટ જોવા મળે છે.

ચાલું વર્ષ ૨૦૧૯-૨૦ માં દેશમાં ચણાનું ઉત્પાદન ૧૧૨.૨ લાખ ટન (બીજો અગોતરો અંદાજ તા. ૧૮-૦૨-૨૦૨૦) જેટલુ થશે, જે ગત વર્ષ (૯૯.૪ લાખ ટન) ની તુલનામાં લગભગ ૧૩ ટકા વધુ થશે. પાકની પરિસ્થિતિ સમગ્ર સીઝનમાં સારી રહી હતી. સને ૨૦૧૮-૧૯ માં દેશમાં કુલ કઠોળ પાકોનું ઉત્પાદન ૨૨૦.૮ લાખ ટન થયેલ હતું અને ચાલું વર્ષમાં ૨૩૦.૨ લાખ ટન થવાનો અંદાજ છે, જે દેશની કુલ વપરાશ અંદાજે ૨૪૦ લાખ ટન કરતા ઘણું જ ઓછુ છે. ગુજરાતમાં ચાલું વર્ષે ચણાનું વાવેતર અંદાજે ૩.૭૦ લાખ હેક્ટર જેટલું થયેલ છે જે ગત વર્ષે ૧.૭૩ લાખ હેક્ટર જેટલું થયું હતું અને પાકની પરિસ્થિતિ સારી હોઈ ઉત્પાદન પણ વધીને ૪.૫૦ લાખ ટન જેટલું એટલે કે ગત વર્ષ કરતા બમણું થવાનો અંદાજ છે.

દેશમાં સને ૨૦૧૭-૧૮માં ૯.૮૧ લાખ ટન ચણાની આયાત થયેલ હતી, જે ઘટીને ૨૦૧૮-૧૯ માં ૧.૮૬ લાખ ટન થયેલ છે અને ૨.૨૮ લાખ ટન જેટલી નિકાસ પણ થયેલ છે. ભારતમાં સને ૨૦૧૭-૧૮ માં કુલ કઠોળની આયાત ૫૬.૦૮ લાખ ટન થયેલ. જે ઘટીને ૨૦૧૮-૧૯ માં ૨૫.૨૮ લાખ ટન થઈ છે. તેમજ ચાલુ વર્ષે એપ્રિલ થી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં દેશમાં આશરે ૩ લાખ ટન ચણા સહિત ૨૨.૮૪ લાખ ટન કઠોળની આયાત કરવામાં આવી છે. આથી, ચણાનો ભાવ અપ્રિલ, ૨૦૧૮ માં મણના રૂા. ૭૦૦ જેટલો હતો, જે વધીને અપ્રિલ, ૨૦૧૯માં મણના રૂા. ૮૪૦ થયેલ અને અત્યારે ગુજરાતની વિવિધ બજારોમાં મણનાં રૂા. ૮૦૦ આસપાસ છે, જે હવે ચાલુ વર્ષે સહેજ ઉતાર-ચડાવ સાથે આ સ્તરે રહેવાની ધારણા છે. ભારત સરકારશ્રીએ સને ૨૦૧૯-૨૦ની રવિ ઋતુ માટે ચણાના ટેકાના ભાવ મણનાં રૂા. ૯૭૫ નક્કી કરેલ છે (રૂા. ૪૮૭૫ પ્રતિ ક્વિન્ટલ), જે ગયા વર્ષે ૯૨૪ રૂપિયા હતા.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડનાં ચણાના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, કે **ચણાનો ભાવ માર્ચ – અપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન કાપણી સમયે મણનાં રૂા. ૭૫૦ થી ૮૨૦ જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ખેડૂતભાઈઓ કાપણી પછી તરત જ શક્ય તેટલો જથ્થો ટેકાના ભાવના ખરીદ કેન્દ્રો ખાતે (માર્કેટ યાર્ડમાં) વેચાણ કરવા સુચન છે, જો ટેકાના ભાવે ન વેચી શકાય તો, મે, ૨૦૨૦ સુધી સંગ્રહ કરી પછી વેચાણ કરવા પોતાની રીતે નિર્ણય લઈ શકે છે.

કઠોળની આયાત બાબતે સરકારશ્રી દ્વારા માર્યાદિત જથ્થાની નીતિ ચાલું રાખવામાં આવશે, તો કાપણીની મૌસમ પૂરી થયા પછી ચણાના ભાવ થોડા વધવાની સંભાવના રહેલી છે.